# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-08-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેથી દહેજ જવું સરળ બનશે-મુખ્યમંત્રીએ 46 કિલોમીટરના માર્ગને ચાર માર્ગીય કરવાનું ખાતમુહૂર્ત કર્યું
2. મહેસાણાની દૂધસાગર ડેરીએ 437 કરોડ રૂપિયાનો ભાવ વધારો જાહેર કર્યો - પશુપાલકોને 10 ટકા ડિવિડન્ડ આપવાની પણ જાહેરાત
3. પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ રાજ્યમાં અત્યાર સુધીમાં 1 કરોડ 94 લાખથી વધુ બેંક ખાતા ખોલાયા
4. શ્રાવણ માસના બીજા સોમવારે રાજ્યના શિવાલયો હર હર મહાદેવના નાદથી ગૂંજ્યા
5. ભારતે ઇંગ્લેન્ડ સામેની છેલ્લી ટેસ્ટમાં રોમાંચક જીત મેળવી - પાંચ મેચની શ્રેણી 2-2 થી સરભર કરી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM BHARUCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, જંબુસરમાં નિર્માણાધીન બલ્ક ડ્રગ પાર્ક દવાઓના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા વધારશે. આજે ભરૂચ જિલ્લાના પ્રવાસ દરમિયાન શ્રી પટેલે જંબુસરમાં 815 હેક્ટર વિસ્તારમાં 3 હજાર 920 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામી રહેલા બલ્ક ડ્રગ પાર્ક સાઈટની મુલાકાત લઈને કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કર્યું. શ્રી પટેલે આજે ભરૂચ જિલ્લામાં અંદાજે 638 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે નાગરિકોને સ્વદેશી વસ્તુનો આગ્રહ કરી વોકલ ફોર લોકલને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો. તેમણે જણાવ્યુ હતું કે તેમણે ઉમેર્યું કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ગુજરાતમાં GSTની આવકમાં 15 ટકાનો વધારો થયો છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

શ્રી પટેલે ભરૂચ જિલ્લાના આમોદ-રોઝા-ટંકારીયા-મુલેરના 46 કિલોમીટર માર્ગને 400 કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય અને મજબૂતીકરણના કામનું ઈ-ખાતમુહૂર્ત પણ કર્યું હતું. આ માર્ગ ચાર માર્ગીય બનતા વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેના વાહનો માટે દહેજ જવું વધુ સરળ બનશે. તેમણે સુરત ઇકોનોમિક રિજીયનમાં ભરૂચ જિલ્લાનો સમાવેશ થયો છે અને ઉદ્યોગ, પ્રવાસન, રોડ નેટવર્ક તથા માળખાકીય સુવિધામાં વૃદ્ધિના કામો ઝડપથી હાથ ધરાવાના છે તેની પણ ભૂમિકા આપી હતી.

કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાના લાભ-સહાયનું લાભાર્થીને વિતરણ કર્યું.

. . . . . . . .

# DUDHSAGAR DAIRY

ઉત્તર ગુજરાતના પશુપાલકો માટે આજે સારા સમાચાર સામે આવ્યા છે. મહેસાણાની દૂધસાગર ડેરીએ 437 કરોડનો ભાવ વધારો જાહેર કર્યો છે. આ ઉપરાંત પશુપાલકોને 10 ટકા ડિવિડન્ડ આપવાની પણ જાહેરાત કરવામાં આવી. જ્યારે વીમાની રકમ 2 લાખથી વધારી 4 લાખ કરવામાં આવી છે. આજે મળેલી વાર્ષિક સાધારણ સભામાં આ મહત્વની જાહેરાતો કરવામાં આવી હતી.

આ અંગે  દૂધ સાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરીએ વધુ માહિતી આપી.

(બાઇટ : અશોક ચૌધરી, ચેરમેન દૂધસાગર ડેરી)

. . . . . . . . . . .

# JAN SURAKSHA SANTRUPTI ABHIYAN

પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ રાજ્યમાં અત્યાર સુધી વિક્રમજનક 1 કરોડ 94 લાખથી વધુ બેન્ક ખાતા ઝીરો બેલેન્સથી ખોલાયા છે.

ગુજરાત સહિત દેશભરમાં જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે આ અભિયાનમાં  કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન ધન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના,

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તેમજ અટલ પેન્શન યોજના અંતર્ગત બેન્કિંગ, વીમા અને પેન્શન યોજનાઓની સુવિધા ઘર આંગણે ઉપલબ્ધ કરી નાગરિકોને સલામતી પૂરી પાડવામાં આવી રહી છે. તો હવે નાગરિકોને પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ખાતું ખોલાવવા રાજ્યની 14 હજાર 610 ગ્રામ પંચાયતના VCE મદદરૂપ થશે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ખાતું ખોલાવનાર નાગરિકને બેંકને લગતા અન્ય લાભો પણ આપવામાં આવે છે.

. . . . . . . . . . .

# NARI VANDAN SAPTAH

રાજયભરમાં આજે નારી વંદન સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં.

ગાંધીનગરની સરકારી વાણિજ્ય કોલેજ ખાતે જિલ્લા કક્ષાનો ખાસ મહિલાઓ માટેનો રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૩૦૦ થી વધુ મહિલા ઉમેદવારો અને ૧૨ નામાંકિત ખાનગીક્ષેત્રના નોકરીદાતાઓએ હાજર રહી અને ૧૧૦૦થી વધુ ખાલી જગ્યાઓ માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરી હતી.

તાપીના વ્યારા ખાતે મહિલા રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કલેક્ટર કચેરી ના ઓડિટોરિયમ હોલ ખાતે મહિલાઓને રોજગારી મળી રહે તે માટે લોન સહાયના ચેકોનુ વિતરણ કરવામાં આવ્યું હતું.આ અંગે મહિલા અને બાળ અધિકારી, સુલોચના પટેલે વધુ માહિતી આપી હતી.

(બાઈટ - સુલોચના પટેલ (બાળ અને મહિલા અધિકારી, તાપી)

**અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે મહિલાઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.**

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા ખાતે **પણ** ‘બેટી બચાવો બેટી પઢાવો’ દિવસની ઉજવણી કરાઈ. **તેમજ** શાળાની **વિદ્યાર્થીનીઓને મહિલાલક્ષી** વિવિધ યોજનાઓ અને કાયદાઓ અંગે સમજણ આપવામાં આવી.

ડાંગ જિલ્લાના આહવાના ટીમ્બર હોલ ખાતે 'મહિલા રોજગાર મેળા' માં ઉદ્યોગ સાહસિક મહિલાઓનુ સન્માન કરાયું હતું° તેમજ શ્રમજીવી મહિલાઓના અધિકારો અને કલ્યાણકારી યોજનાઓની વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા જાણકારી અપાઈ હતી.

સુરત **ખાતે** મહિલા સ્વાવલંબન દિવસ **નિમિતે યોજાયેલ રોજગાર મેળામાં** ૭ કંપનીઓ **દ્વારા** ૨૧૮ ઉમેદવારોમાંથી ૧૩૬ની પ્રાથમિક પસંદગી કરાઇ હતી.

પાટણ જિલ્લા કલેકટર તુષાર ભટ્ટની અધ્યક્ષતામાં મિશન શક્તિ યોજના અંતર્ગત જિલ્લાની દેખરેખ અને નિયંત્રણ સમિતિની બેઠક યોજાઇ હતી. આ ઉપરાંત રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ દીકરીઓને સ્ટડી કીટ, ઘડિયાળ અને દીકરી વધામણા કીટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SHRAVAN SOMVAR

શ્રાવણના માસના બીજા સોમવારે આજે રાજ્યના શિવાલયોમાં ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું હતું. શિવમંદિરોમાં જળાભિષેક કરવાની સાથે વિશેષ પૂજા પણ કરવામાં આવી હતી. આજે બીજા સોમવારે, સોમનાથ દાદાની આરતીમાં હજારો ભાવિકોએ દર્શન કરી અને ધન્યતા અનુભવી હતી. વહેલી સવારે 4 કલાકે મંદિરના દ્વાર ભક્તો માટે ખોલવામાં આવતા જ મંદિર પરિસર હર હર મહાદેવ અને જય સોમનાથના નાદથી ગુંજી ઉઠ્યું હતું. ત્યારબાદ, શિવલિંગની પૂજા કરી મહાદેવનું સ્વરૂપ પાલખીમાં બિરાજમાન કરી મંદિર પરિસરમાં ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી.

બીજી તરફ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા નાગેશ્વર મહાદેવ મંદિરમાં પણ આજે ભાવિકો શિવભક્તિમાં લીન બન્યા હતા. સાંભળીએ અમારા પ્રતિનિધિ કરણ જોશીનો અહેવાલ...

(વોઇસ કાસ્ટ : કરણ જોશી)

. . . . . . . . . . .

## NAVSARI EK PED MAA KE NAAM

નવસારી જિલ્લાના દાંડી ગામમાં એક પેડ મા કે નામ અંતર્ગત આજે 2 હજાર 500 રોપાનું વાવેતર કરાયું. જનભાગીદારીથી જંગલ બહારના વિસ્તારમાં વૃક્ષ વાવેતર કરી હરિયાળી વધારવાના અભિયાનને વાચા આપવા સામાજીક વનીકરણ વિભાગ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરાયું.

. . . . . . . . . . .

## WEATHER FORECAST

રાજયમાં આગામી 7 દિવસ છૂટાછવાયા સ્થળોએ સામાન્ય વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આજે રાજ્યના કોઈપણ જિલ્લામાં ભારે વરસાદની શક્યતા ન હોવાનું હવામાન વિભાગના નિયામક ડો.એ. કે. દાસે જણાવ્યુ હતું.

(બાઇટ : ડો.એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 63 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. વરસાદનું જોર ઘટતા આજે રાજ્યના 62 તાલુકામાં વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી પડેલા વરસાદને પગલે રાજ્યના 51 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 23 જળાશય એલર્ટ પર છે. મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાંથી પસાર થતી રૂપેણ અને પુષ્પાવતી નદીમાં નર્મદાનું પાણી છોડવાની શકયતાને પગલે નદી કાંઠાના 15 ગામોના લોકોને નદીના પટમાં નહીં જવા સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં વરસાદને કારણે અત્યાર સુધી 4 હજાર 403 લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા છે. જ્યારે 690 લોકોને બચાવી લેવાયા છે. SDRFની 20 અને NDRFની 12 ટીમ તહેનાત કરવામાં આવી છે.

. . . . . . . . . . .

# NAVSARI WARLI

નવસારી જિલ્લાના બીલીમોરાનો વિદ્યાર્થી નિષાદ પટેલ વારલી ચિત્ર સ્પર્ધામાં રાજ્યકક્ષાએ વિજેતા થયો છે. અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે આણંદ ખાતે યોજાયેલી વારલી ચિત્ર સ્પર્ધામાં બીલીમોરાની ખાનગી શાળાના વિદ્યાર્થી નિષાદ અજયકુમાર પટેલ રાજ્યકક્ષાએ જીત મેળવી છે. આ વિદ્યાર્થી વિજેતા બનતા સમગ્ર પંથકમાં આનંદ વ્યાપી ગયો હતો.

. . . . . . . . . . .

# EVE CRICKET

ક્રિકેટમાં, ભારતે આજે લંડનના ઓવલ ખાતે ઇંગ્લેન્ડ સામે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની છેલ્લી ટેસ્ટમાં 6 રનથી રોમાંચક વિજય મેળવ્યો અને પાંચ મેચની શ્રેણી 2-2 થી સરભર કરી.

યજમાન ઇંગ્લેન્ડ પાંચમા દિવસે બીજા દાવમાં 367 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું, જ્યારે ભારતે દિવસની આક્રમક શરૂઆત કરી હતી, જેમાં મોહમ્મદ સિરાજે બે અને પ્રસિદ્ધ કૃષ્ણાએ અન્ય એક વિકેટ લઈને રમતને વધુ રોમાંચક બનાવી. અંતે, સિરાજે છેલ્લી વિકેટ લીધી અને ભારતે રમત જીતી લીધી. સિરાજ ભારતીય ટીમનો હીરો રહ્યો અને તેણે બીજી ઇનિંગમાં પાંચ વિકેટ સહિત નવ વિકેટ લીધી. યજમાન ટીમે 6 વિકેટ ગુમાવીને 339 રનથી પોતાનો બીજો દાવ શરૂ કર્યો હતો. ભારતે પહેલી ઇનિંગમાં 224 અને બીજી ઇનિંગમાં 396 રન બનાવ્યા હતા. જ્યારે ઇંગ્લેન્ડ પહેલી ઇનિંગમાં 247 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

. . . . . . . . . . .